
[illegible]

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

કારતક



શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

પુસ્તક ૭૬ મું
અંક ૧
૧૦ મી નવેમ્બર

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઈ. સ. ૧૯૫૯

વોચ્છિન્દ સિણેહમપ્પણો,
कुमुयं सारइयं व पाणियम् ।
से सव्वसिणेह वज्जिए,
समयं गोयम! मा पमायए ॥

શરદ ઋતુનું કુમુદ જેમ પોતાની ઉપર પાણીને ચોંટવા દેતું નથી, તેમ તારા ચિત્તમાં રહેલા રાગને-સ્નેહને તું તદ્દન છેદી નાંખ, અને તમામ પ્રકારની રાગવૃત્તિ આસક્તિથી રહિત બની જા. એ માટે હે ગૌતમ! ક્ષણ પણ પ્રમાદ ન કર.

तिण्णो हु सि अण्णवं महं,
किं पुण चिट्ठसि तीरमागओ ? ।
अभितुर पारं गमित्तए,
समयं गोयम ! मा पमायए ॥

તું મોટો દરિયો તરી ચૂક્યો છે તો વળી કાંઠે આવીને કેમ બેસી રહ્યો છે-અટકી પડ્યો છે? સામે પાર પહોંચવાને માટે ત્વરા કર. હે ગૌતમ! ક્ષણ પણ પ્રમાદ ન કર.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| १ | सतीसूक्तषोडशिका .... .... | (પં. શ્રી ધુરંધરવિજયજી ગણિ) | ૧ |
| २ | नूतन वर्षनी [illegible] .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૨ |
| ३ | नूतन वर्षाभिनंदन .... | (મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી) | ૨ |
| ४ | श्री जैन धरम प्रकाश तेज हमेशा पूर्ण पामो | (તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) | ૩ |
| ५ | जैन धरम प्रकाश जय पामो .... | (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) | ૪ |
| ६ | श्री जैन धर्म प्रकाश जयवंतुं रहो .... | (શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) | ૫ |
| ૭ | શ્રી સિદ્ધચક્રજીની વધાઈ .... | (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) | ૫ |
| ૮ | નૂતન વર્ષાભિનંદન .... | (શ્રી દીપચંદ જીવણલાલ શાહ) | ૬ |
| ૯ | અધૂરું સ્વપ્ન .... .... | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૮ |
| ૧૦ | ધર્મના અધિકારીની વિશેષતા .... | (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) | ૧૦ |
| ૧૧ | તીર્થંકરની વિભૂતિ: અતિશયો અને પ્રાતિહાર્યો | (હીરાલાલ રસિકલાલ કાપડિયા) | ૧૩ |
| ૧૨ | શ્રી નિરંજન વિનાયક શાહ .... .... .... .... | | ૧૫ |


## નૂતન વર્ષ :: જ્ઞાનપંચમી મહોત્સવ :: પૂજા

આપણી સભાના માનનીય પ્રમુખ શ્રીયુત ભોગીલાલભાઇ મગનલાલ શેઠ તરફથી નૂતન વર્ષના મંગલમય દિવસે સભાના મકાનમાં સવારના દુગ્ધપાનનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો, જેનો સભાસદ બંધુઓએ સારી સંખ્યામાં લાભ લીધો હતો અને પરસ્પર શુભેચ્છા દર્શાવી જ્ઞાન પૂજન કર્યું હતું. શ્રીયુત ભોગીલાલભાઇ પ્રતિવર્ષ આ પ્રમાણે લાભ ઉઠાવી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે.

કાર્તિક શુદ પાંચમ ને ગુરુવારના રોજ સભાના મકાનમાં સુંદર રીતે જ્ઞાન-રચના કરવામાં આવી હતી, જેનો હજારો ભાઇ બહેનોએ દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

કાર્તિક શુદ છઠ્ઠ ને શુક્રવારના રોજ સવારના નવ કલાકે જ્ઞાન સમીપે પંચજ્ઞાનની પૂજા ભણાવવામાં આવી હતી, જેનો સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય ગૃહસ્થોએ લાભ લીધો હતો.

## "શ્રી જૈનધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને

"શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે-આપના પાસે સં. ૨૦૧૫નું લવાજમ લેણું થયું છે અને સં. ૨૦૧૬નું લવાજમ ચડતર થવા લાગ્યું છે એટલે આપના પાસે રૂા. ૬-૮-૦ સાડા છ રૂપિયા લવાજમના લેણા થાય છે તે વસુલ કરવા માટે આપણા "પ્રકાશ" માસિકના નિયમિત લેખક સુપ્રસિદ્ધ કવિ શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્રે" રચેલ "નૂતન શત્રુંજયોદ્ધાર" નામનું ભેટ-પુસ્તક રવાના થશે. આ પુસ્તકના સહાયક શ્રીયુત ફરમચંદ લાલચંદભાઈ કલકત્તાવાળા ધર્મપ્રેમી અને શ્રદ્ધાળુ છે, આ પુસ્તકમાં લેખકશ્રીએ હળવી ભાષામાં પદ્યમાં અત્યારસુધી થયેલા દરેક ઉદ્ધારની વિગત દર્શાવી ઉપયોગી માહિતી પૂરી પાડી છે. તેમજ બીજી પણ ઉપયોગી સામગ્રી આપવામાં આવી છે. પોસ્ટેજના ૦-૩-૦ ગણી ૬-૧૧-૦નું મનીઓર્ડર કરનારને ભેટ પુસ્તક બુક-પોસ્ટથી મોકલાશે. ૩૦ મી નવેમ્બર સુધીમાં જેમની રકમ નહીં આવે તેમને વી. પી. થી મોકલાવવામાં આવશે, જેથી આઠ આનાનો વિશેષ ખર્ચ થશે.

For Private And Personal Use Only





| પુસ્તક ૭૬ મું<br>અંક ૧ લો | કારતક | વીર સં. ૨૪૮૬<br>વિ. સં. ૨૦૧૬ |
|---|---|---|


# सतीसूक्तषोडशिका

## १३. दमयन्ती

करणं दमयन्ती संशमयन्ती चेतोनलमभिरमयन्ती, विक्रमयन्ती,
मणिमलिकमयन्ती, स्वं भ्रमयन्ती गहनवनेऽरं गमयन्ती, हंसमयन्ती ।
कष्टं तमयन्ती, विपदमयन्ती, परभवदुरितं क्रमयन्ती, चक्रमयन्ती,
भवसवगमयन्ती, संयमयन्ती पुण्यश्लोकं नमयन्ती, श्रीदमयन्ती ॥ १३ ॥

## १४. पुष्पचूला

निजतनुवरवर्णाऽधरितसुवर्णा कीरणसा स्तनघनकलसा सततं सरसा,
रतितर्जितनाका, कमनपताका, चन्द्रवदननिर्जितराका, समजनि राका ।
सोदरपरिणीता, मरुता नीता, दर्शनदर्शनतश्चरणं श्रेयोवरणम्,
कृतमुनिपतिभक्तिः, केवलशक्तिः, प्रदिशतु शं नियतं पुष्पा–चूलापुष्पा ॥ १४ ॥

( क्रमशः )

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

## નવા વર્ષની ભાવના

નવલ નવીન વર્ષે બહુ સુંદર મધુર કાવ્યપંક્તિ પીરસીશું,
રંજક કાવ્યકલા ગુણ ગુંથી અલંકાર બહુવિધ વિરચીશું;
પ્રભુગુણ ગાશું ઉપદેશામૃત રસથાળો મધુરી અર્પીશું,
વિવિધ વર્ણરચનાથી સુંદર ભાવ હૃદય ઉલ્લસિત કરીશું. ૧

બોધવચન ગર્ભિત બહુરંગી કથા સુંદરા આગળ ધરશું,
શાસ્ત્રસુભાષિત જિનવચનામૃત નવનવરંગે રચના કરશું;
હૃદયતાર ઝંકૃત કરવાને સંગત લેખો લઇ અનુસરશું,
આચાર્યો મુનિપુંગવ વિરચિત લેખકલા બોધક અર્પીશું. ૨

પ્રમુદિત હૃદય બને જિનજીના બોધસુધાથી વંદિત કરશું,
પંડિત જ્ઞાની વિવિધ કલાધર એવાના લેખો અર્પીશું;
કવિજનકેરી કાવ્યકલાને આ માસિકમાં પ્રગટિત કરશું,
જિનપતિ ગુણગાયન વિવિધાકૃતિ સુંદર બોધામૃત પીરસીશું. ૩

ગીર્વાણી માગધ ને હિંદી ગુર્જર મધુરી ભાષા લખશું,
બહુજન પામે ધર્મબોધને એવા લેખો પ્રગટિત કરશું;
માટે આમંત્રો સહુ ઘર ઘર આ માસિકનો આદર કરતા,
તેથી આનંદોર્મિ વધશે હૃદય પ્રફુલ્લિત સંશય હરતા. ૪

બાલો વાંચો વૃદ્ધો વાંચો સહુકો' વાંચો આદરથી,
અલ્પ મૂલ્ય ને બહુ ગુણકારી એ છે સદ્‌ગુણ ભાવથકી;
હર્ષિત કેઇક થયા છે ગુણિજન રસિક જ્ઞાનભોગી કોઇ.
બાલેન્દુ વિનવે સહુ આદર કરજો બહુ ગુણ તસ જોઇ ૫

—શ્રી બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર

卐

## नूतन वर्षाभिनन्दनः ।


( उपजातिः )

स्याद्वादसिद्धान्तसुधाप्रपायि,
जिनेन्द्रधर्माब्जविकासकारि ।
मनीषिमान्यं समुदेतु जैन-
धर्मप्रकाशं भुवि राजमानम् ॥ १ ॥

—मुनि हेमचन्द्रविजयः

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धरम प्रकाश – तेज हमेश वृध्धी पामो



( સિદ્ધચક્ર વર સેવા કાજે......એ રાગ. )

શ્રીવીરજિન પાય નમીને, ગૌતમ ધ્યાન ધરીજે જી;
જૈન ધર્મ પામ્યા તે સાર્થક, ભક્તિ કરીને કીજે:
ઉત્તમ દેવની સેવા........શિવસુખ લેવાજી. ૧
નરભવ આર્ય ક્ષેત્રે જન્મ, ઉત્તમ કુળ જે પામ્યાજી;
ધર્મ સામગ્રી મળી અનાયાસે, ભવનાં દુઃખડાં વામ્યા........શિવસુખ લેવાજી. ૨
રમતાં રમતાં રત્ન ત્રણ, મળીયા પૂરવ પુન્યજી;
મર્મ સમજી પ્રીતે આરાધો, નહીં કિંચિત્ ન્યૂન........શિવસુખ લેવાજી. ૩
પ્રમાદ તજી વિકથા છોડી, ઇન્દ્રિય પંચ વશ રાખોજી;
કાયા માયાની મમતા મૂકી, અમૃત રસને ચાખો........શિવસુખ લેવાજી. ૪
શક્તિ છતે વીર્ય ગોપવવું, જૈન ધર્મ નવિ છાજેજી;
તેજ ખરૂં જે સાત ક્ષેત્રો, ઉધર્યાં પરભવ કાજે........શિવસુખ લેવાજી. ૫
જર ને વૈભવ સાથ ન આવે, તે તો નિશ્ચય જાણોજી;
હર વખત જે મનુષ્ય જન્મ, મળે એવું નવ માનો........શિવસુખ લેવાજી. ૬
મેઘની પેરે દીન દુઃખીનાં, દુઃખ નિવારો પ્રીતેજી;
શક્તિ હોય તો સાતે ક્ષેત્રે, વાવરો વિત્ત રૂડી રીતે........શિવસુખ લેવાજી. ૭
વૃદ્ધી પામે સદા દાનથી, લક્ષ્મીનો એહ સ્વભાવજી;
ધીરજ ધારો ખરચ્યે ન ખૂટે, ભૂલો ન આવ્યો દાવ........શિવસુખ લેવાજી. ૮
પામો નૂતન વર્ષે સુખો, ભાસ્કર કહે દુઃખ જાયજી;
મોકો મળીયો એકહજાર સોળનો, ધર્મથી નવનિધ થાય........શિવસુખ લેવાજી. ૯

—તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन धरम प्रकाश जय पामो

જૈન ધર્મ એક જગતમાં, શિવસુખનો દાતાર;
  રત્નત્રયી આરાધતાં, પામે ભવનો પાર. ૧ [ જૈન ]

નમન પ્રથમ જિનદેવને, ગુરૂ પ્રણમી સુપસાય;
  ધર્મ ઉત્તમ સેવતાં, શિવપૂરીમાં જાય. ૨ [ ધર્મ ]

ધર્મ ધર્મ સહુ કો કરે, સમજે ન ધર્મ કોય;
  સત્ય ધર્મ જગ પામશે, પ્રકાશ અંતર હોય. ૩ [ પ્રકાશ ]

રત્ન ચિંતામણી સારીખો, માનવ ભવ ગુણખાણ;
  પામી સદ્ગુરુ સેવનાં, પામો ઉત્તમ નાણ. ૪ [ જ્ઞાન ]

મતિ ઉત્તમ જેહની, તે પાળે જિન ધર્મ;
  સમકિત સહ આરાધતાં, પામે શિવસુખ શર્મ. ૫ [ દર્શન ]

પ્રજા જિનવર રાજની, સંઘ ચતુર્વિધ જાણ;
  દેશનાસમયે જિનવર નમે જે છે સંયમખાણ. ૬ [ચારિત્ર]

કાઉસગ્ગ મુદ્રાએ રહી, ધ્યાન ધરો સહુ કોય;
  દુઃખ દોહગ દૂરે કરી, મનવાંછિત ફળ હોય. ૭ [ધ્યાન=તપ]

શત [1]અષ્ટ નામાવલી, ગણતાં લાભ અપાર;
  મનહરજિનગુણ સમરતાં, મનમોહન ભવપાર. ૮ [ જાપ ]

જનમ સફળ છે તેહનો, પાળે જિનવર આણ;
  દાન શિયલ તપ ભાવરૂપ, સત્ય ધર્મ પ્રમાણ. ૯ [ ધર્મ ]

યત્ન કરો તો તે કરો, જેહથી થાયે કર્મ દૂર;
  જન્મ મરણ દૂરે કરી, પામો સુખ ભરપૂર. ૧૦ [ફળપ્રાપ્તિ]

પાગલ જો મુજને કહો, છું પાગલ તું જાણ;
  પા ગલ પા ગલ[2] પામતાં, પામીશ અમૃત ખાણ. ૧૧ [સ્વલઘુતા]

મોક્ષ જાવાને ગ્રહો, જૈન ધર્મ વર જહાજ;
  પ્રકાશ અંતરમાં કરી, જય પામો મહારાજ. ૧૨ [આશીર્વાદ]

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી

---

૧ નવકારવાળી. ૨ અલ્પ માવો-મીઠો પદાર્થ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धरम प्रकाश जयवंतु रहो

श्री वीरप्रभु वीतराग हो ! वीरप्रभु वीतराग
જૈનધર્મ શિરતાજ હો ! પ્રભુ જૈનધર્મ શિરતાજ....
નમ્રમસ્તકે વંદન કરીએ, રત્નમણી ગુણખાણ હો ! રત્નમણી૦
ધર્મધુરંધર, જ્ઞાની પ્રભુજી, વીરજીનું નિર્વાણ હો ! વીરજીનું૦
રટણ કરતાં વીર પ્રભુનું, ગૌતમ કરે વિલાપ હો ! ગૌતમ૦
મહાવીર પ્રતિનો રાગ પછીથી, વિરાગમાં પલટાય હો ! વિરાગમાં૦
પ્રકાશ પ્રકટ્યો જ્ઞાનતણો ને, પામ્યા ગૌતમ કેવળજ્ઞાન હો ! પામ્યા૦
કાયા માયા મમતા ત્યાગી, શિવસુખ નિર્માણ હો ! શિવ૦
શત શત વંદન ગૌતમને કરીએ, લબ્ધિના ભંડાર હો ! લબ્ધિના૦
જગમાંહી ફરકાવી પતાકા, અહિંસા ધર્મ લહેરાય હો ! અહિંસા૦
યથા નભે સૂર વિરાજે, ધર્મથી જીવન દીપાય હો ! ધર્મથી૦
વંદન વીર ! કરીએ હજારો. સમતા સુખ રેલાય હો ! સમતા૦
તુષાર-બિંદુ ભક્તિતણા જ, જીવનમાં છંટકાય હો ! જીવનમાં૦
રત રહી નિજ કર્તવ્યમાંહી ને, જીવનસાફલ્ય થાય હો ! જીવન૦
હોજો સુખ, સમૃદ્ધિ ને શાંતિ, સૌરભ સદાચારની પ્રસરાય હો ! સૌરભ૦
ૐકારના શુભ ધ્યાનના, જીવનમંત્ર લહેરાય: હો ! જીવનમંત્ર૦

—શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી

卐

## સિદ્ધચક્રની વધાઈ

સિદ્ધચક્રની વધાઈ બાજે છે, બાજે છે ઘન ગાજે છે. સિદ્ધ૦
નંદીશ્વર દ્વીપે અઠ્ઠાઈ મહોત્સવ, દેવદુંદુભી વાજે છે. સિદ્ધ૦
ઇંદ્રાદિક દેવો હરખી સઙ્વે, ઉત્તમ વાદ્ય બજાવે છે. સિદ્ધ૦
આસો ચૈત્રી શાશ્વત ઓળી, આર્ય ભૂમિમાં આવે છે. સિદ્ધ૦
સાતમથી પૂર્ણિમા દિવસે, ભવિજન મહોત્સવ મનાવે છે. સિદ્ધ૦
મયણા શ્રી શ્રીપાળે આરાધી, દૂર ભવી મનમાં લાજે છે. સિદ્ધ૦
ગુરુગમથી જાણી તપ કરવો, ભવિજનને તે છાજે છે. સિદ્ધ૦
મનોહર સિદ્ધચક્ર સેવંતા, મનમોહન અંતર ગાજે છે. સિદ્ધ૦

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષાભિનંદન

શ્રી દીપચંદ જીવણલાલ શાહ

વિ. સં. ૨૦૧૧ ના વર્ષે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" પંચોતેર વર્ષ પૂર્ણ કરી છોંતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી, પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય, મુનિમહારાજ શ્રી મનમોહનવિજયજી વગેરેનો તેમના પદ્ય-કાવ્યો માટે તેમજ આચાર્ય મહારાજ શ્રી વિજયમહેન્દ્રસૂરિજી, શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રીયુત બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર', શ્રીયુત હીરાલાલ રસિકદાસ કાપડીયા એમ. એ. તથા ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા વગેરેનો તેમના ગદ્ય લેખો માટે આભાર માનવામાં આવે છે અને નૂતન વર્ષમાં પણ તેઓ સર્વનો તેવો ને તેવો જ સહકાર ચાલુ રહેશે તેવી ઇચ્છા સેવીએ છીએ.

ગતવર્ષમાં વિજ્ઞાનની પ્રગતિ કૂદકે ને ભૂસકે આગળ વધી રહી હતી. રશિયાએ એક રોકેટ ચંદ્ર ઉપર ઉતાર્યું છે અને બીજા રોકેટને ચંદ્રની આસપાસ અને પૃથ્વીની આસપાસ ફરતું કર્યું છે અને ચંદ્રની બીજી બાજુ કે જેને આપણે જોઈ શકતા નથી તે બાજુના ફોટાઓ લીધા છે. વળી બે કૂતરાઓને અને એક વાંદરાને લગભગ બસો માઇલ દૂર અવકાશમાં મોકલવામાં અને તેમને જીવતાં નીચે ઉતારવામાં ફતેહમંદ થયા છે. રશિયાએ આ વર્ષે એકાદ-બે મનુષ્યોને પણ બસો માઇલ દૂર મોકલવાનો અને તેમને જીવતાં નીચે ઉતારવાનો વિચાર રાખ્યો છે. જે આ યુગમાં વિજ્ઞાનની અપૂર્વ સિદ્ધિ ગણી શકાય. વિજ્ઞાન ક્ષેત્રે રશિયા બીજા રાષ્ટ્રો કરતાં ઘણું આગળ વધી ગયું છે.

ભાવનગરમાં આપણા સમાજની વસતિ વિશેષ પ્રમાણમાં વધતી રહી છે: ભાવનગર વ્યાપાર-ધંધાનું કેન્દ્ર બનતાં દેશ-દેશાવરથી અનેક લોકો ધંધાર્થે આવતા રહ્યા છે, તેના પ્રમાણમાં જૂનો મારવાડીનો વંડો ટૂંકો પડવા લાગ્યો. લગભગ દશ વર્ષથી નવો ઉપાશ્રય બંધાવવાનો વિચાર ચાલી રહ્યો હતો. આ વર્ષે પૂ. પંન્યાસજી કૈલાસસાગરજી અને પંન્યાસ શ્રી સુબોધસાગરજી મ૦ના ઉપદેશથી નવો ઉપાશ્રય બંધાવવા માટે લગભગ દોઢ લાખ રૂા. જેટલી રકમ નોંધાણી છે. જૂના ઉપાશ્રયને સ્થાને નવો ઉપાશ્રય બંધાવવાનો પ્લાન થયો છે. ભાવનગરની આપણા સમાજની વસતી જોતાં તે સ્થાન પણ ટૂંકું તો પડવાનું તેમ લાગે છે. હવેના સમયમાં ગમે તેટલો મોટો ઉપાશ્રય બંધાવશું તો પણ દશ વર્ષ પછી તે ઉપાશ્રય ટૂંકો તો પડવાનો જ કેમકે શહેરોમાં જૈનોની વસતિ અસાધારણ રીતે વધતી જાય છે. વળી મહાગુજરાતનું રાજ્ય થતાં ભાવનગરનું અનેક રીતે મહત્ત્વ વધશે તેમજ વસ્તી બહુ જ વધી જશે તેમ જણાય છે તો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પ્રમાણે વિચાર કરી શહેરોના ઉપાશ્રયમાં સર્વ કોઈ સુખપૂર્વક સાંભળી શકે તેવી યોજના પર પૂજ્ય આચાર્યવર્યોએ ગંભીર વિચારણા કરવી પડશે, એમ જણાય છે. ઉપાશ્રયનું બાંધકામ વહેલી તકે શરૂ થાય એમ ઇચ્છીએ છીએ.

કલકત્તામાં જાહેર રસ્તા પર માત્રું વગેરે ન પરઠવવા દેવા માટે જબરો કોલાહલ ઉત્પન્ન થયેલ છે. રસ્તાઓ ડામરના અથવા સીમેન્ટના હોવાથી માત્રું વગેરે પરઠવવાને લીધે ગંદવાડ



For Private And Personal Use Only

જેવું જણાય છે તેથી બીજી કોમની અંદર જૈનોની સ્વચ્છતા સંબંધી ટીકા થાય છે. આવી ટીકાઓ અટકાવવા માટે પૂજ્ય આચાર્ય મહારાજાઓએ ભેગા થઇ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પ્રમાણે મોટા શહેરોમાં જ્યાં ગટર વગેરેના સાધનો છે ત્યાં શું કરવું તેનો તરત જ નિર્ણય કરવો જરૂરનો છે. સરકાર તરફથી ફરજ પાડવામાં આવે તે પહેલાં વખતસર ચેતી જવું એ અમને યોગ્ય લાગે છે.

સંવત ૨૦૧૪નું સંવત્સરી પર્વ મંગળવારે ઉજવવું તેવો અમદાવાદના શ્રી જૈન સંઘે ઠરાવ કરેલ તેનો બધા આચાર્યોએ સ્વીકાર કરેલ પણ તે વખતે જન્મભૂમિના પંચાંગને માન્ય રાખવું એવો પ્રબંધ થયેલ છે. પણ તિથિચર્ચાના બન્ને પક્ષના આચાર્યોએ તેનો અર્થ પોતાને બંધ બેસે તેવો કરેલ હોય તેમ જણાય છે કારણ કે બાર તિથિને અંગે બન્ને પક્ષનાં આચાર્યોમાં હજુ મતભેદ જણાય છે. થોડા દિવસો અગાઉ બન્ને પક્ષના આચાર્યોના મંતવ્યો જન્મભૂમિએ પ્રગટ કર્યા હતા તેમાં આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રતાપસૂરિજીનું મંતવ્ય એવું છે કે પહેલાંની જેમ બાર તિથિઓ રાખવી. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીનો એવો મત છે કે અમુક વર્ષોમાં અમુક આચાર્યોએ સંવત્સરી પર્વના દિવસોમાં ફેરફાર કરેલ હતો તેથી અગાઉની બાર તિથિઓમાં ફેરફાર કરવો જરૂરી છે. ઉદયાત્ તિથિ પાળવી એ તેમને યોગ્ય જણાય છે. હાલના સમયમાં ઉદયાત બે આઠમો હોય તો બીજી આઠમને દિવસે વ્રત-પચ્ચખાણ કરવાનો નિયમ છે પણ પચીસ-પચાસ વર્ષ પછી કોઈ આચાર્યના મનમાં આવશે કે શા માટે પહેલી આઠમના રોજ વ્રત-પચ્ચક્ખાણ કરવા નહિ અને તેથી "બાંડા ગામમાં બે બારશ"ની લોકોક્તિ લાગુ પડશે. એટલે કે અમુક લોકો પહેલી આઠમે વ્રત-પચ્ચક્ખાણ કરશે અને અમુક લોકો બીજી આઠમને દિવસે વ્રત-પચ્ચક્ખાણ કરશે. અત્યારે અન્ય ધર્મીઓમાં કોઈ એક વર્ષમાં બે ગોકળ આઠમ ઉજવાય છે માટે હંમેશને માટે બાર તીથીઓ સંબંધી કાયમી ઉકેલ શીઘ્ર કરવાની જરૂર છે. આ બાબતમાં અમદાવાદનો સંઘ પહેલ કરશે તો બીજા સંઘો તેને અનુસરશે.

ગયે વર્ષે ધાર્મિક શિક્ષણ આપતી પાંચ ધાર્મિક સંસ્થાઓએ વિચાર્યું કે ધાર્મિક અભ્યાસક્રમ એકસરખો બધી પાઠશાળાઓમાં શીખવવો જોઈએ, પણ તેના કન્વીનર શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસીએ જાહેર નિવેદન કર્યું છે કે આ સંઘ દ્વારકાએ પહોંચશે નહિ. હવે મુંબઈની બે સંસ્થાઓ જૈન એજ્યુકેસન બોર્ડ અને શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મળીને એકસરખો ધાર્મિક અભ્યાસક્રમ નક્કી કરશે તો બધી પાઠશાળાઓ તે અભ્યાસક્રમને અનુસરશે, માટે આ બે સંસ્થાઓએ ચાર પાંચ ગૃહસ્થોની આ સંબંધમાં નિયમનો ઘડી કાઢવા એક કમિટી નીમવી અને જે અભ્યાસક્રમ નક્કી કરે તેને બન્ને સંસ્થાઓ અનુસરશે તો આ પ્રશ્ન સહેલાઈથી પતી જશે તેમ જણાય છે. ધાર્મિક ચોપડીઓ સસ્તી અને નજીવી કિંમતે વેચવાની અત્યારે બહુ જરૂર છે.

ગત વર્ષમાં ભાવનગરના શ્રી સંઘે ભાવનગરમાં વસતા જૈનોની વસ્તી ગણત્રી કરવાનો ઠરાવ કર્યો હતો અને જૈન યુવક સંસ્થાઓના સહકારને લીધે વસ્તી ગણત્રીના પત્રકો ભરાઈ ગયા હતા તેનો રિપોર્ટ તપાસતાં માલૂમ પડે છે કે લગભગ પચાસ ટકા જેટલા કુટુંબોની સ્થિતિ સારી નથી અને તેમાં પાંચ ટકા તો તદ્દન નિરાધાર જેવા છે. અત્યારે જીવનઉપયોગી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીજોના ભાવો કૂદકેભૂસકે વધતાં જાય છે ત્યારે મધ્યમ વર્ગે જીવવું હોય તો તેના યુવકો અને યુવતીઓએ નકામા ખર્ચો ન કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. દાખલા તરીકે હોટલોમાં ચા કે નાસ્તો કરવો નહિ, સિનેમા વગેરે જોવા નહિ. વળી તેઓએ નાના નાના હુન્નરો શીખી લેવા જોઈએ કે જેથી તેમની વાર્ષિક આવકમાં થોડો વધારો થાય. નાના હુન્નરો શીખવા માટે તે તે શહેરોના સંઘોએ વગર વ્યાજે હુન્નરના સાધનો ખરીદવા માટે નાણાંની રકમો ધીરવી અને હપ્તે હપ્તે તે રકમો વસુલ કરવી. આજે કોલેજની કેળવણીનો ખર્ચ મધ્યમ વર્ગને પોસાય તેમ નથી તેથી કોલેજોની ચોપડીઓ ખરીદવામાં અને ફી વગેરે ભરવામાં પણ તે શહેરના સંઘોએ વિદ્યાર્થીઓને નાણાંની રકમો વગર વ્યાજે ધીરવી અને હપ્તે હપ્તે તે રકમો વસુલ કરવી. વળી હાઈસ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓને રહેવા માટે બોર્ડિંગોના મકાનો બંધાવવાના ફંડમાં ગૃહસ્થોએ સારી એવી રકમો ભરવી. જો આ પ્રમાણે કરશું તો જ મધ્યમ વર્ગનો વિદ્યાર્થી કેળવણી લઈ શકશે અને ભાવીમાં તેનો ઉદ્ધાર થશે.

પાવાપુરી–સમેતશિખરજીની યાત્રા માટે દરવર્ષે સ્પેશ્યલ ટ્રેનો યા તો રીઝર્વ ડબ્બાઓ જાય છે. તેમાં કેટલાક ધંધાદારી પણ હોય છે. આ વર્ષે મુંબઈ જૈન સ્વયંસેવક મંડળે આ દિશામાં સારી પહેલ કરી છે અને આશરે છસો જેટલા ભાવિક યાત્રિકોને સુખસગવડતાપૂર્વક યાત્રાઓ કરાવી રહ્યા છે. સ્વયંસેવક મંડળ તેની સેવાભાવના માટે પ્રસિદ્ધ છે અને તેમાં પણ શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી જેવા રાહબર હોવાથી યાત્રિકો આનંદ સાથે તીર્થયાત્રાનો અનુપમ લાભ લઈ રહ્યા છે. અમે આવા પગલા આવકારદાયક ગણીએ છીએ.

આપણા સમાજમાં "સાહિત્ય સંસ્થા" તરીકે આ સભાનું સ્થાન સોપ્રથમ છે. આગમો, કથાઓ, ચરિત્રો, કર્મ, તત્ત્વજ્ઞાન, ઉપદેશ, સુભાષિત, પૂજા વિગેરે પ્રકારના અનેક ગ્રંથો આજ સુધીમાં સભાએ પ્રકાશિત કર્યા છે. સમાજમાં સભાનું સ્થાન ગૌરવભર્યું છે. સ્વ. શ્રી કુંવરજીભાઈની તે પ્રણાલિકાને યથાશક્તિ શરૂ રાખવાનો અમારો પ્રયાસ છે અને તે સંબંધમાં અમે સમાજના સહકારની અપેક્ષા રાખીએ છીએ. હાલમાં "જૈન રામાયણ"નું મુદ્રણ કાર્ય શરૂ કર્યું છે અને ક્રમશઃ એક પછી એક પુસ્તકો પ્રસિદ્ધ કરવાની અમારી યોજના છે. જ્ઞાનપ્રચારમાં રસ લેતા ગૃહસ્થોના સહકારની અમે અભિલાષા રાખીએ છીએ; સ્વજનના શ્રેયાર્થે આવા પુસ્તકપ્રકાશન અંગે પત્રવ્યવહાર કરવાની અમારી વિજ્ઞપ્તિ છે.

અંતમાં આ નૂતન વર્ષ સર્વે લાઈફ મેમ્બરોને, સભાસદ બંધુઓને અને પ્રકાશના ગ્રાહક બંધુઓને સુખરૂપ નીવડો તેવી પરમાત્મા પાસે નમ્ર પ્રાર્થના કરી વિરમું છું

## અધૂરું સ્વપ્ન

(૩)

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

**હેમયુગ યાને છેલ્લો હપ્તો**

કાર્તિક શુકલ પૂર્ણિમા એ કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરિનો જન્મદિન. અધૂરું સ્વપ્ન પૂર્ણ કરવા સારુ પસંદગી પણ એ જ માસ ઉપર ઉતરી છે. આ પ્રભાવિક જ્યોતિર્ધરના સંબંધમાં જુદા જુદા મુનિપુંગવોએ વિવિધ પ્રકારી, મનોરમ વાનકીઓ સાહિત્યરૂપી સુવર્ણથાળમાં પિરસી છે અને એમાંનો મોટો ભાગ જ્ઞાનભંડારોમાંથી પ્રાપ્ત થયેલ છે એટલું જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં પણ સૂર્યના કિરણો જોવા-અને પુસ્તકોરૂપે પ્રગટ થવા-પામ્યો છે. આ પ્રભાવિક સંતે સાહિત્ય-ક્ષેત્રમાં અતિશય પ્રમાણમાં પોતાની વિશિષ્ટ પ્રકારી લેખિનીને રમતા કઈ, વિદ્વાનોને ચમત્કૃતિ પેદા કરે તેવા મૌલિક ગ્રન્થોનું સર્જન કરેલ છે. એટલે તો એમનો સમય (સં. ૧૧૬૨ થી સં. ૧૨૨૯) **હેમયુગ** તરીકે ઓળખાય છે. એ અંગે જે નોંધ ઉપલબ્ધ થાય છે એમાંની થોડીક અહીં ઉદાહરણરૂપે રજૂ કરાય છે.

—જેણે નવું વ્યાકરણ, નવું છંદશાસ્ત્ર, નવું દ્વયાશ્રય, નવું અલંકારશાસ્ત્ર, નવું યોગશાસ્ત્ર, નવું તર્કશાસ્ત્ર, નવાં જિનચરિત્રો રચેલ છે-નિર્માવેલા છે-તેણે કઈ રીતે આપણો મોહ દૂર નથી કર્યો? અર્થાત્ ઘણી રીતે દૂર કર્યો છે. એમના માટે જેટલા પ્રશંસાના પુષ્પો વેરીએ તેટલા ઓછા છે.

**—સોમપ્રભસૂરિકૃત શતાર્થકાવ્યની ટીકા**

—શ્રી હેમચંદ્ર ગુરુ વિદ્યારૂપી સમુદ્રને મથવા માટેના મંદારગિરિરૂપ છે. **—ચંદ્રલેખા નાટક**

—સમ્યગ્જ્ઞાનના નિધિ અને ગુણોવડે અવધિ વગરના એવા શ્રી હેમચંદ્ર પ્રભુના ગ્રંથમાં જેવું વ્યાકૃતિનું કૌશલ છે તેવું અમારા જેવામાં ક્યાંથી હોય?

**અનેકાર્થકૈરવકૌમુદી**

—જેણે સર્વ પૃથ્વીવાસીઓના પુણ્યરાશિને લઈને અસીમ પ્રતિભાથી એક જીવિત ધરનારા સરસ્વતી અને સુગુરુ બંનેને પોતના શરીરમાં એક-રૂપ કરીને ધારણ કરેલ છે એવા, સ્યાદ્વાદને સાધનારા **શ્રી હેમચંદ્ર** પ્રભુ સદ્બુદ્ધિના સાગરને જાણવાની વિધિ માટે પોતાના શરીરના દૃષ્ટાંતરૂપ મને થાઓ.

**—શ્રી મલ્લિસેનસૂરિ**

—કવિતાની વિશિષ્ટ રચના કરવામાં રસિયા એવા અન્ય સૂરિઓ ઘણા છે પણ શ્રી હેમચંદ્રસૂરિની વાણી કે જેનાથી એક રાજા પ્રતિબોધ પામે છે, તે અનોખી છે. મોટા પ્રકાશવાળા બીજા તારાઓ લાખો ઊગે છે પણ પૂર્ણિમાના ચંદ્ર વગર સાગર વિશેષ જાગૃત થતો નથી-ઉલ્લાસ પામતો નથી.

**—કવિવચન** (કુમારપાળપ્રબંધમાં)

વાંચો આચાર્યશ્રીની વિશાળ દ્રષ્ટિ—

એ કૃત્રિમ માધુર્યયુક્ત પદવાળી, પરમાર્થને કહેનારી, સર્વને ભાષારૂપે પરિણમનારી **જિનોની** વાણીનું અમે ઉપાસન કરીએ છીએ.

જેના ભવરૂપી બીજના અંકુરોને ઉત્પન્ન કરનારા રાગાદિ ક્ષય થઈ ગયા છે તે **બ્રહ્મા** હો, વિષ્ણુ હો, **હર** હો અથવા **જિન** હો તેને અમારો નમસ્કાર છે.

ગમે તે સમયે, ગમે તે અવસ્થામાં, ગમે તે નામથી આપ પ્રખ્યાત હો, પણ જો આપ દોષરૂપી કલંકથી મુક્ત હો તો ભગવન્! આપને નમસ્કાર છે.

તેમનો જીવનકાળ સિદ્ધરાજ અને કુમારપાળના રાજ્યકાળમાં છે. બંનેમાં પોતાનો પ્રભાવ તેમણે બતાવ્યો છે. ભારતવર્ષના પ્રાચીન વિદ્વાનોની ગણનામાં જૈન શ્વેતાંબરાચાર્ય **શ્રી હેમચંદ્રસૂરિએ** ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંસ્કૃત સાહિત્ય અને વિક્રમાદિત્યના ઇતિહાસમાં જે સ્થાન કાલિદાસનું અને શ્રી હર્ષના દરબારમાં બાણભટ્ટનું હતું તે સ્થાન ઇસ્વીસનની બારમી સદીમાં ચૌલુક્યવંશી સુપ્રસિદ્ધ ગૂર્જર નરેન્દ્રશિરોમણિ **સિદ્ધરાજ જયસિંહના** ઇતિહાસમાં **હેમચન્દ્રનું** છે. વળી **કુમારપાળના** ઇતિહાસમાં તો તેમનું સ્થાન ગુરુશિષ્ય જેવું ગણાય. આવા પ્રખર વિદ્વાને પોતાની લઘુતા દર્શાવતા પૂર્વાચાર્યોની પ્રશંસા કરતા જણાવ્યું છે કે-ઉત્કૃષ્ટ મહાકવિ તો **શ્રી સિદ્ધસેનસેનદિવાકરજી**, ઉત્કૃષ્ટ મહાતાર્કિક **શ્રી મલ્લવાદી**, ઉત્કૃષ્ટ સંગ્રહકાર **શ્રી ઉમાસ્વાતીજી** અને ઉત્કૃષ્ટ વ્યાખ્યાતા **શ્રી જિનભદ્રક્ષમાશ્રમણ**. એ મહાત્માઓને વંદન હો!

સ્વપ્નની વાતો મહાપર્વના વ્યાખ્યાનોમાં સાંભળી લેવાય તો એ આકર્ષણ મેળવે. વિજ્ઞાનયુગ એવા ચિત્રો જોવા ઇચ્છે છે અને એ મહાત્માઓના જીવન-કવનનો અભિલાષી છે. ઊગતી પ્રજાને નિરસ વર્ણનો અને મેળ વગરની માત્ર ચમત્કારી વાતોથી સંતોષ નથી થતો. દૈવત્વ પ્રત્યે પ્રેમ હોવા છતાં દેવતાઈ કરામતો કરતાં માનવની માનવતા અને પ્રતિભા પ્રત્યે એનો પ્રેમ વિશેષ છે. અધૂરા સ્વપ્નને સંકલીત કરી પૂર્ણતાનું રૂપ આપવા-સ્થવિરાવલીને અદ્યતન બનાવવા કોઈ ટીકાકાર જન્મે તો કેવું સદ્ભાગ્ય લેખાય. આશા ફળશે ખરી?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મના અધિકારીની વિશેષતા

મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

સંસારના અનંતા પ્રવાસોમાં દુઃખો ભોગવ્યા તેમ સુખ પણ ચિરકાળ અનેક વખત દેવ અને માનવભવમાં ભોગવ્યા પણ કલ્યાણનો પંથ સમજાયો હોય તો જચ્યો નથી અને જચ્યો હોય તો જીવનમાં ઉતાર્યો નથી.

સમસ્ત સંસારમાં પ્રત્યેક આત્મા પોતાના જીવનમાં સુખ ઇચ્છી રહ્યો છે. સુખપ્રાપ્તિ અને દુઃખના નાશ માટે જગતની ચોમેર સતત પ્રવૃત્તિઓ ચાલી રહી છે, છતાં સુખનું સ્વપ્ન પણ આજે દૂર-સુદૂર બની રહ્યું છે. આ સ્થિતિનું કારણ એ છે કે સુખના વાસ્તવિક સ્વરૂપની ઓળખ થઈ નથી-યાં તો સુખના સાચા સાધનોની સાચી પીછાન થઇ નથી.

અખંડ, અનંત અને સ્વાધીન તેજ સાચું સુખ છે. તેના સાધન તરીકે લાડી-વાડી-ગાડી, દેહ, સંપત્તિ કે સ્નેહી નથી પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. આ રત્નત્રયી જ અભીષ્ટ સાચા સુખ માટે ખરેખર એકાંત અને આત્યંતિક સાધનરૂપ છે.

અનાદિકાળથી ચાલ્યા આવતા સંસારમાં કર્મ-વિવશ આત્માઓ અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યા છે. એ પરિભ્રમણના નિવારણનો અમોઘ ઉપાય પૂર્વોક્ત રત્નત્રયી જ છે. આત્મા જ્યાં સુધી ભાવરોગરૂપ કર્મને પરાધીન છે ત્યાં સુધી તે દુઃખની જ પરંપરાને પ્રાપ્ત કરી રહ્યો છે. આ સ્થિતિમાંથી આત્માને ઉગારી તેના પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર રત્નત્રયી, મુક્તિના શાશ્વતસુખની સાધના માટે ઉપકારક છે.

સહુથી પ્રથમ મોક્ષપ્રાપ્તિના ચાર દુર્લભ અંગોમાં માનવપણું અતિશય દુર્લભ છે. નરકમાં ધકેલનાર યાવત્ મોક્ષમાં મોકલનાર માનવપણું છે. માનવભવને પામ્યા પછી તેનો જો સદુપયોગ કરવામાં આવે તો તે આત્માને મોક્ષ આપે છે, જ્યારે તેનો દુરૂપયોગ તો નરકાદિ અધઃપતનનું કારણ બને છે. માનવભવને પામ્યા પછી રત્નત્રયીની આરાધના માનવતાને અજવાળનારી બને છે.

માનવજીવનમાં ધર્મની સાધના માટે અનેક ગુણોમાં જિજ્ઞાસા, મધ્યસ્થવૃત્તિ અને સામર્થ્ય પ્રધાન ભાગ ભજવે છે. આ ધર્મની આરાધનાનું સામર્થ્ય એટલે ગમે તેવા ભય-લાલચોમાં પણ એક નિશ્ચયમાં ટકી રહેવાની શક્તિ. ધર્મસ્વરૂપના અનભિજ્ઞ માતપિતા અને સ્વજન વિગેરેના ભયને લીધે કે પ્રતિકૂલ વર્તનાર-કષ્ટ આપનાર-ઉપસર્ગો વરસાવનાર કુલ-પરંપરાથી પૂર્વપૂજિત દેવોથી જે ડરે નહિ તે સમર્થ. આ સમર્થપણાના ગુણના અભાવમાં માનવ ધર્માનુષ્ઠાન કરી શકતો નથી. આ ગુણને સમજવા નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક બની રહેશે.

આકાશરમણીના તેજસ્વી સંક્રમણશીલ તિલકના તેજપ્રભામાં સ્નાન કરતાં વિકસિત સુરભી કમલ-વનથી સુશોભિત અને સમૃદ્ધમાં ઇંદ્રપુરી સાથે સ્પર્ધા કરતું એક નગર હતું. નામ હતું તેનું રત્નપુર. તેમાં બૌદ્ધ મતના અનુયાયી શેઠ શેઠાણી વસતા હતા. તેમને 'અમર' નામની કુલદેવીની માનતાથી-સેવાભક્તિથી થયેલ અમરદત્ત નામે પુત્ર હતો. તે બાલ્યાવસ્થાને વટાવી કળાસમૂહમાં પારંગત બન્યો. પિતાની પ્રેરણાથી બૌદ્ધધર્મમાં જોડાઈ ગયો છે. યુવાનીના આંગણે પ્રવેશ કરતાં એક બૌદ્ધ શેઠની કન્યા સાથે પાણિગ્રહણ પણ થઇ ગયું.

એકદા વસંત ઋતુમાં મિત્રો સાથે વસંતક્રીડા કરવા ઉદ્યાનમાં ગયો ત્યાં અનેક ક્રીડાઓ-સંગીત-ગીત દેખાવો જોઇ, આનંદ પામી તેમ કેટલીક ક્રીડાઓ



For Private And Personal Use Only

કરી આનંદ અનુભવ્યો ત્યાં એક મુનિરાજને કોઈ વ્યાકુળ, દુઃખી અને પરદેશીને ઉપદેશ આપતા જાણ્યો, તે મિત્રો સાથે સાંભળવા ગયો. તે પરદેશી વિપ્રનું જન્મદિવસે સર્વ ધનનાશ પામી ગયું હતું. છ માસ થતા માતપિતા ગુજરી ગયા. પછી જેમણે પાળ્યો તે સ્વજનો તેના પાપને લીધે મરી પરવાર્યા ત્યારથી મહાકષ્ટે તેની જીવનવૃત્તિ ચાલતી હતી, વર્તમાનમાં તેના શરીરમાં અસંખ્ય મોટા રોગો તીવ્ર વેદના કરતા હતા તેથી હેરાનપરેશાન થઇ રહ્યો હતો. ભૂતપિશાચો પણ તેના શરીરમાં પ્રવેશી વેદના કરતા હતા, જે ખરેખર અવાચ્ય હતી. જીવનથી કંટાળી ફાંસો ખાતા તે ફાંસો પણ તૂટી ગયો જેથી તે જમીન ઉપર પછડાઇ પડ્યો તેને વૈરાગ્ય થતાં પૂર્વભવનું કારણ પૂછવા મુનિરાજ પાસે આવ્યો હતો. લોકો પણ તેની હકીકત સાંભળવા દત્તચિત્ત બન્યા હતા.

મુનિએ કહેવા માંડયુંઃ હે મહાનુભાવ! આ જન્મથી પૂર્વના ત્રીજા ભવમાં તું કુલપુત્ર હતો. એકદા મિત્ર સાથે પરગામ જતાં રસ્તામાં તને એક પ્રવાસી મળ્યો, જેની સાથે તને સ્નેહ થયો. તેની પાસે ધન છે એમ જાણી તેં તેનું ગળું મરડી મારી નાખ્યો. પછી આગળ ચાલતા ધનના લોભે તમે બંનેને એક બીજાને મારી નાખવાનો વિચાર થતાં પરસ્પર ઝેરી દારૂ પાયો અને ઝેરી માંસ ખવરાવ્યું, જેથી બન્ને મૃત્યુ પામ્યા. તું મરીને નરકે ગયો ત્યાં ભયંકર દુઃખો ભોગવી, મનુષ્ય જન્મ પામી હાલમાં આ પ્રકારનું તું દુઃખ ભોગવી રહેલ છે.

પૂર્વે મારી નાખેલ પ્રવાસી ભવનવાસી દેવ બની તારા ઉપરના દ્વેષના કારણે આવી યાતનાઓથી તને હેરાન કરે છે. તું હેરાન થાય તેટલા માટે ફાંસો પણ તેણે જ તોડી નાખ્યો છે. આ બધું તારા પૂર્વ દુષ્કૃતનું જ પરિણામ છે.

અજ્ઞાનથી અંધ બનેલા જીવો વ્યર્થ પાપ કરે છે અને અંધની પેઠે ભવકૂપમાં પડે છે, જ્યાં ઇષ્ટ-વિયોગ-અનિષ્ટસંયોગાદિદ્વારા સંતાપ પામી ચિરકાળ તૃષા, ક્ષુધાદિની વેદનાઓથી પીડાય છે. તેને વળી બીજા સુખી જીવો હેરાન કરી મૂકે છે. એ રીતે હેરાનગતિ ભોગવતા તે જીવો વિલાપ કરે છે પણ છૂટકારો મેળવી શકતા નથી. પાપના પરિણામ પ્રત્યક્ષ જોયા પછી કે ભોગવ્યા પછી કુશળ કાર્યમાં જ પ્રવૃત્તિ કરવી જોઇએ, અને તેમાં જ અભિરુચિ રાખવી જોઇએ.

સુગુરુની વાણીદ્વારા થતા ધર્મોપદેશમાં મન એકાગ્ર બને ત્યારે જ પ્રદીપ સમાન શાસ્ત્રનો લાભ મળી શકે છે, તેથી વિરતિભાવ પ્રકટે છે અને તેમ થતાં આશ્રવોનો રોધ થાય છે. આશ્રવોના રોધથી અસાધારણ તપો-બળ પેદા થાય છે, જેથી વિપુલ નિર્જરાનું ફલ પ્રાપ્ત થાય છે, તેથી પરમ અયોગિપણાનો લાભ થતાં ભવનો પ્રવાહ અટકી જાય છે, અને શાશ્વત ઉદાર "મોક્ષ" મેળવી શકાય છે. એમ શાસ્ત્રશ્રવણની વૃત્તિ જ સમસ્ત કુશળોનું મૂળ છે.

આ ધર્મોપદેશ સાંભળતા શ્રોતાવર્ગને પ્રમોદ થયો. પરદેશી દુઃખી વિપ્રને જાતિસ્મૃતિ થઇ અને શોકનો ભારે આવેગ આવતા અનશન સ્વીકાર્યું. અમરદત્તના મનમાં પણ શુભ સંકલ્પો વૃદ્ધિંગત થતાં દર્શનાવરણનું પડળ ખસતા, આ ઉત્તમ ધર્મ કરવાનું તેને દઢ મન થયું. પછી ક્યાંક પોતાની વીંટી ગુમાવી, સાધુના જ્ઞાનાતિશયને યાદ કરતો મિત્રો સાથે ઘેર આવ્યો. પરદેશી વિપ્ર અને સાધુ મહારાજનો યોગ પિતાએ જાણ્યો, જેથી અમરકુમારને બહાર જવાનો નિષેધ થયો.

ત્રીજે દિવસે વીંટી શોધવાના બહાને પિતાની રજા લઇને અમરદત્ત ઉદ્યાનમાં ગયો. મુનિને વંદન કરી ઉપદેશ સાંભળી જણાવ્યું કે-જીવાદિ અનેક તત્ત્વોને જાણ્યા વગર ધર્મમાં તત્પર માનવ પણ, હિંસા-અસત્ય-પરિગ્રહાદિને તજી શકતો નથી. અમરદત્તે કહ્યું, મારો પિતા બૌદ્ધમાર્ગી છે. દઢ આગ્રહી છે. બીજા ધર્મની વાત સાંભળવા દેતો નથી. તેમના ભયથી સંક્ષેપથી ધર્મ સમજી ગ્રહણ કરવા ઇચ્છું છું. મુનિએ કહ્યુંઃ મહાનિધિ જેવો આ જિનધર્મ મહાપુણ્યોદયે જ પાળી શકાય છે. અને એ પરમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યુદયનું કારણ છે. તેમાં વિઘ્ન આવવાનું જ, માતા-પિતાનો ભય છોડી દે.

અનંતા માતપિતા મળ્યા. સંસારમાં તેમનાથી કંઇ આપણા દુઃખનો પ્રતીકાર – ઉપાય થઈ શકતો નથી. આ પ્રાપ્ત કરેલ જૈનધર્મને તજવો નહિ તેમ ઉપેક્ષા પણ કરવી નહિ.

આ સમજણથી અમરના કુવિકલ્પોનો વિલય થઇ ગયો. બધો ભય તજી વિધિપૂર્વક જૈનધર્મ સ્વીકાર્યો. સમકિત સહિત શ્રાવકના વ્રતો લીધા. મુનિએ જણાવ્યું કે માતપિતાની ચિરકાળ સેવા તો આ લોકને લગતું જ શ્રેય કરી શકે છે, જ્યારે જૈનધર્મ તો એવું કોઇ કલ્યાણ–મનોવાંછિત બાકી નથી રહેતું કે જે ન કરી શકે.

પછી ઘેર આવી અમર ત્રિકાલ જિનપૂજા,સાધુ-ભકિત વગેરે જૈનધર્મ આરાધવા લાગ્યો. પિતાએ તે જાણતાં રોષે ભરાઈ કહ્યું–આપણા પૂર્વજોની પરંપરાથી ચાલ્યા આવતા બૌદ્ધધર્મને છોડીને બીજો ધર્મ તું પાળે છે તો મારે તારું મોં ન જોવું જોઇએ. અમરે કહ્યું: પિતાજી ! સોનાની જેમ પરીક્ષા કરીને જ ધર્મ ગ્રહણ કરવો જોઇએ. તેમાં પૂર્વજોની પરંપરાની પ્રધાનતા ન હોવી જોઇએ. પ્રાણીવધ, અસત્ય, ચોરી, આદિ નિષેધક અને પ્રત્યક્ષમાં પણ ફળ આપનાર જિનધર્મ અયુક્ત શા માટે? જે લોકો આ ધર્મને પાળતા નથી તે માનવો દુઃખદાયક વિવિધ યાતનાઓ પામે છે એ પ્રત્યક્ષ દેખાય છે. ઉત્તમ ધર્મ સ્વીકારનાર નિંદાપાત્ર થતો નથી માટે આપ નિંદા ન કરતાં એ ધર્મને સ્વીકારો.

લોકોએ જાણ્યું કે અમરે ઉત્તમ જૈનધર્મ સ્વીકાર્યો. સસરાએ તેને જણાવ્યું કે "મારી દીકરીનું કામ હોય તો નવો ધર્મ તજી દે." લેશ પણ ક્ષોભ ન અનુભવતાં તેણે પત્નીને પિયર મોકલી આપી. માતાએ જણાવ્યું, 'વત્સ! ભલે તું બીજો ધર્મ પાળ, પણ તારો જન્મ અમર દેવીની કૃપાથી થએલ છે તો તેની પૂજા કર. અમરે ના પાડી તે જાણી, દેવીએ ભયંકર સર્પો, દુષ્ટ હાથી, ભૂત–પિશાચાદિના રૂપો દેખાડી ડરાવ્યો તે કહ્યું તને દુઃખી દુઃખી કરી નાખીશ, માટે સમજી જા. તો પણ તે ભય પામ્યો જ નહિ. ભયંકર રોગ ઉત્પન્ન કરી દીધા તો પણ અમર જૈનધર્મમાં સ્થિર રહ્યો–લેશ પણ ચલિત થયો નહિ

"ભલે દેવો પ્રતિકૂલ થઇ જાય, માતાપિતાદિ ભલે વિમુખ બની જાય, ભલે આપદાઓ આવે ને દેહ રોગોથી ઘેરાઇ જાય, ભલે લક્ષ્મી ચાલી જાય, પણ જૈનધર્મ તરફની મારી ભકિત ન જાઓ અને જિનોક્ત તત્ત્વોની વિચારણા ન છૂટો." આ પ્રમાણે એ દૃઢવૃત્તિવાળો, પોતાની અવસ્થા સારી હોવા છતાં પરમ અભ્યુદય માનતો એકાગ્ર બની જૈનધર્મને આરાધવા લાગ્યો. એ પ્રમાણે દ્રવ્યથી અને ભાવથી એટલે ઉપરથી બાહ્ય રીતે અને અંદરથી આધ્યાત્મિક રીતે એમ બંને પ્રકારના સામર્થ્યવાળો એ મહાનુભાવ પોતાના નિયમોમાં સ્થિરપણે વર્ત્યે જતો હતો અને તેના દિન પસાર થતા હતા. તેવામાં પાપોદય ક્ષીણ થયો. કુલદેવીએ ક્ષમા માગીને તે શાંત થઇ લોકો પણ વ્યવહારશુદ્ધિથી રાજી થયા તેમની પાસેથી પુત્રના ગુણગાન–યશોગાથાના શ્રવણથી માત-પિતા પણ આનંદ-પ્રમોદવાળા બન્યા. વિઘ્ન ન કરતાં સ્નેહથી વર્તવા લાગ્યા, સસરાએ પણ ક્ષમા માગી પુત્રી મોકલી આપી. દિન–બદિન માતાપિતા વિગેરે લોકોને ધર્મોપદેશદ્વારા જૈનધર્મની સન્મુખ કર્યાં.

આ પ્રમાણે 'સામર્થ્ય' નામના ગુણમાં સ્વાર્થ અને પરોપકાર કરવાનું અદ્દભૂત બળ છે એમ સમજી ભયના ચક્રોથી મુકત રહીને 'સામર્થ્યમાં' પોતાનો આત્મા સ્થાપિત કરવો ઘટે છે. સામર્થ્ય વિનાનો માનવી એવા ભયાનક વિઘ્નોને દૂર કરી શકતો નથી.

ચિરકાળ નિર્મળ સમકિતવાળો ગૃહસ્થધર્મ પાળીને તે અમરદત્ત પ્રાણત નામના દશમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં જન્મ પામી મોક્ષે જશે.

જિનોક્તધર્મની આરાધનામાં ઉપસ્થિત થતાં વિઘ્નો હઠાવનાર પોતાની અદ્દભુત ચિત્તની દૃઢતાથી પરમપદ પામી શકે છે. જ્યારે નબળા મનવાળા કેવળ દુઃખમાં સબડે છે. સૌ ધર્મની દૃઢતા પામો.

For Private And Personal Use Only

# તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો*

## [ લેખાંક ૧ : અતિશયો અને પ્રાતિહાર્યોને અંગેનું સાહિત્ય ]

( લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

**સામાન્ય** રીતે પ્રાયઃ પ્રત્યેક સંસારી જીવ, આવી પડેલું દુઃખ દૂર થાય અને ભવિષ્યમાં કોઈ પણ જાતનું દુઃખ ન પડે એટલે કે સમસ્ત દુઃખોનો આત્યન્તિક નાશ થાય એમ ઇચ્છે છે એટલું જ નહિ પણ સાચું, સંપૂર્ણ અને શાશ્વત સુખ સાંપડે એવી પણ તીવ્ર અભિલાષા સેવે છે અને એ માટે એને જે સૂઝે તેને ગ્રહણ કરે છે. અત્યાર સુધીમાં દેશવિદેશના કેટલાયે મહાપુરુષોએ પોતપોતાના સમયથી પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને પોતાના જ્ઞાન અનુસાર માર્ગદર્શન કરાવ્યું છે. ઉપદેશ આપ્યો છે– દેશના દીધી છે. એ દેશના સંસારસાગર તરી જવામાં સહાયક હોવાથી કે સહાયક બનાવી શકાય તેમ હોવાથી તેને 'તીર્થ' કહી શકાય અને સમય સમયના આદ્ય દેશનાકારને તેમજ એ દેશનાના વિશિષ્ટ પ્રરૂપકને 'તીર્થંકર,' પયગંબર, પ્રોફેટ (prophet), ઇત્યાદિ નામે ઓળખાવી [1] શકાય. જૈન દર્શન પણ ચતુર્વિધ સંઘરૂપ તીર્થ સ્થાપનારા અને એકાન્તે હિતકારી દેશના આપનારાને તીર્થંકર, તીર્થંકર, તીર્થંકૃત્, જિનેશ્વર, જિનવરપતિ, બુદ્ધ ઇત્યાદિ નામે સંબોધે છે. અને એ જ તીર્થંકરના અતિશયો એ આ લેખમાળાનો મુખ્ય વિષય છે, એટલે હવે હું જ્યાં જ્યાં 'તીર્થંકર' એમ ઉલ્લેખ કરું ત્યાં એ શબ્દની આગળ 'જૈન' કહેવાની જરૂર જોતો નથી.

જૈન દર્શન પ્રમાણે પ્રત્યેક આત્મામાં અનેક–અગણિત – અનંત ગુણો રહેલા છે. એ બધાનો આવિર્ભાવ સિદ્ધ કર્યો છે અને એનાથી ઓછે અંશે એ કાર્ય સામાન્ય કેવલીઓએ અને તીર્થંકરોએ કર્યું છે. તેમ છતાં તીર્થંકરોના પણ આવિર્ભૂત ગુણો અનંત છે–જો કે સિદ્ધના અનંતગુણો કરતાં એ ઓછા છે.

તીર્થંકરના આ ગુણો પૈકી જે આગળ તરી આવે છે–જે સહેલાઈથી સામાન્ય જનતાના ખ્યાલમાં આવે તેમ છે– જે એમના પ્રભાવના અલૌકિકતાના સૂચક છે તેને જૈન સંસ્કૃત સાહિત્યમાં [2] 'અતિશય,' 'અતિશેષ' અને 'અતિશેષક' અને પાઇયમાં 'અઇસય' તેમજ 'અઇસેસ' કહે છે. આ ગણનાતીત અતિશયોની સંખ્યા અપેક્ષા અનુસાર ભિન્ન ભિન્ન રીતે દર્શાવાય છે. એને લઈને હું આ અતિશયોનો વિચાર નિમ્નલિખિત પાંચ લેખ દ્વારા કરું છું.

(૧) અતિશયો અને પ્રાતિહાર્યોને અંગેનું સાહિત્ય.
(૨) ચાર મૂલાતિશયો. (૩) ચોત્રીસ અતિશયો
(૪) આઠ પ્રાતિહાર્યો. (૫) વિશિષ્ટ વિચારણા

આ પૈકી પ્રથમ લેખ તે જ આ છે એટલે હું ચાર મૂલાતિશયો, ચોત્રીસ અતિશયો અને દેવકૃત અતિશયો તરીકે ઓળખાવાતાં આઠ પ્રાતિહાર્યોને લગતાં સાહિત્યની સમય અને સાધન અનુસાર ભાષા દીઠ નીચે પ્રમાણે નોંધ લઉં છું:–

### [અ] ચાર મૂલાતિશય અંગેનું સાહિત્ય

**સંસ્કૃત**– 'મૂલાતિશય' એ નામ, એની સંખ્યા, એને લગતો ક્રમ તેમજ એની આછી રૂપરેખા એ બાબતો સમભાવભાવી હરિભદ્રસૂરિએ **અનેકાન્તજયપતાકાની** સ્વોપજ્ઞ વ્યાખ્યા(ખંડ ૧, પૃ. ૪)માં રજૂ કરી છે.

**અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** ઉપર મલ્લિષેણસૂરિએ શક સંવત્ ૧૨૧૪ અર્થાત્ વિ. સં.

* "તીર્થંકરની વિભૂતિ" એ નામની મારી કવિતા "દિગંબર જૈન (વ. પર, અં. ૪)માં છપાઇ છે.

૧ તીર્થંકર' શબ્દ જૈન તીર્થંકરો માટે જ નહિ, પણ અન્યદર્શનીય માટે પણ વપરાય છે અને **વીતરાગસ્તોત્ર** (પ્ર. ૪ શ્લોક ૭)માં તીર્થંકર શબ્દ આ અર્થમાં વપરાયો છે.

૨ આને અંગ્રેજીમાં "excellence" કહે છે. એનો અર્થ ઉત્કૃષ્ટતા–શ્રેષ્ઠતા છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩૪૯માં **સ્યાદ્વાદમંજરી** નામની જે વૃત્તિ રચી છે તેમાં [1]પૃ. ૩માં ચાર મૂલાતિશયોનાં નામ અને એના ઉદ્‌ભવનો ઉલ્લેખ છે.

કેટલાક ગ્રંથકારોએ પોતાના કે અન્યકર્તૃક ગ્રંથોના સંસ્કૃત વિવરણમાં મૂળ ગ્રંથના મંગલ શ્લોકમાં જો કોઈ તીર્થંકરની સ્તુતિ કરાઈ હોય તો તેમને અંગેનાં વિશેષણો કયા કયા મૂલાતિશયોનું સ્પષ્ટપણે સૂચન કરે છે અને ચાર કરતાં ઓછા જણાય તો તેનો ઉપલક્ષણથી નિર્દેશ કરાયાની બીના દર્શાવે છે. દા. ત૦ ઉપર્યુક્ત હરિભદ્રસૂરિએ **અનેકાન્તજયપતાકાને** અંગે અને 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્રની** સ્વોપજ્ઞ વૃત્તિમાં એટલે કે સ્વકૃત ગ્રન્થના વિવરણમાં અને મલ્લિષેણસૂરિએ **હૈમદ્વાત્રિંશિકાને** અંગે એટલે કે અન્યકર્તૃક ગ્રન્થના વિવરણમાં તેમ કર્યું છે.

**સોમસુન્દરસૂરિના શિષ્ય રત્નશેખરસૂરિએ સડ્ઢવિહિ** (ગા ૧) ઉપર વિ. સં. ૧૫૦૬માં રચેલી સ્વોપજ્ઞ વૃત્તિ નામે **વિધિકૌમુદી** (પત્ર ૧આ) માં કહ્યું છે કે "શ્રી વીરજિનં" એટલાથી જ અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય અને વચનાતિશય એ ચારે સૂચવાયા છે.

**પાઇય**— મૂલાતિશય કે એ જ અર્થવાચક અતિશય કે અન્ય કોઈ શબ્દનું પાઇય સમીકરણ કોઇ કૃતિમાં અપાયાનું જણાતું નથી. જો એમજ હોય તો પછી એનું નિરૂપણ પાઇયમાં ક્યાંથી હોય?

**હિન્દી**—શ્રી વિજયાનન્દસૂરિએ (આત્મારામજી મહારાજે) રચેલા [2]**જૈનતત્ત્વાદર્શ** નામના હિન્દી પુસ્તકમાં ભા. ૧, [3]પૃ. ૩–૭માં મૂલાતિશયની સંખ્યા, એનાં નામો તેમજ એની રૂપરેખા, વચનાતિશયના ૩૫ ભેદો (વાણીના ૩૫ ગુણો) તેમજ અપાયાપગમાતિશય અને પૂજાતિશયના વિસ્તારરૂપે ૩૪ અતિશયોનો ઉલ્લેખ એમ વિવિધ બાબતો રજૂ કરી છે.

**ગુજરાતી**—ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ **પંચપરમેષ્ઠિગીતા** [4]પૃ. ૫૨૩માં મૂલાતિશયની સંખ્યા, અને પૃ ૫૨૬માં એ ચારની સંક્ષિપ્ત રૂપરેખા આપી છે. રૂપરેખામાં મૂલાતિશયનો નીચે મુજબ ક્રમ રખાયો છે:—

(૧) અપાયાપગમાતિશય, (૨) જ્ઞાનાતિશય, (૩) વચનાતિશય અને (૪) પૂજાતિશય

## ૩૫ વચનાતિશયો સંબંધી સાહિત્ય

**પાઇય–સમવાય** (સુ. ૩૫)માં સત્ય વચનના અતિશયો પાંત્રીસ હોવાનો ઉલ્લેખ છે એ વચનાતિશયને અંગેનો છે. એ ૩૫ અતિશયોનાં નામ કોઈ આગમમાં જણાતાં નથી એમ આ આગમની વૃત્તિ (પત્ર ૫૯આ)માં **અભયદેવસૂરિએ** કહ્યું છે.

ધર્મઘોષસૂરિએ સોળ પદ્યમાં **પણતીસજિણવાણીગુણથવણ** રચ્યું છે, અને એ દ્વારા જિનવાણીના ૩૫ ગુણો અર્થાત્ ૩૫ વચનાતિશયો ગણાવ્યા છે. આ કૃતિ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૨૬૭-૨૬૮) માં છપાવાઈ છે, પરંતુ પદ્ય ૪, ૬ અને ૧૬ ત્રુટક છે.

કોઈ ગ્રંથમાંથી વાણીના ૩૫ ગુણોનાં નામ સંસ્કૃતમાં આપ્યાં છે. આ પછી ચોખંડા કોષ્ઠમાં એનું સંસ્કૃતમાં સ્પષ્ટીકરણ છે, એ **અભયદેવસૂરિનું** હોય એમ જણાતું નથી તો શું એ આગમોદ્ધારક **આનન્દસાગરસૂરિનું** લખાણ છે?

**અભિધાન ચિન્તામણી** (કાંડ ૧, શ્લો. ૬૫-૭૧)માં ૩૫ વચનાતિશયોનાં નામ અપાયાં છે અને એની સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૨૨)માં એનું સ્પષ્ટીકરણ છે. એ વિવૃતિ (પૃ. ૨૧)માં "अथ वचनातिशयानाह" એવો ઉલ્લેખ છે.

(ચાલુ)

૧ આ પૃષ્ઠાંક "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર" તરફથી પ્રકાશિત આવૃત્તિનું છે.


૨ અંગ્રેજી અનુવાદ તૈયાર કરવા માટે મને 'પંજાબકેસરી' શ્રી વિજયવલ્લભસૂરિજીએ અનુરોધ કર્યો હતો એ કાર્ય મેં કર્યું છે. પરંતુ હજી સુધી તો એ અપ્રકાશિત છે.

૩ આ "આત્માનંદ જૈન સભા" તરફથી વિ. સં. ૨૦૧૧માં પ્રકાશિત પંચમ સંસ્કરણનાં પૃષ્ઠાંક છે.

૪ આ ગૂર્જર સાહિત્ય સંગ્રહના પ્રથમ વિભાગના પૃષ્ઠાંક છે. એ વિભાગ ઇ. સ. ૧૯૩૬ માં પ્રસિદ્ધ કરાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી નિરંજન વિનાયક શાહ

આપણી સભાના માનનીય સેક્રેટરી શ્રી અમરચંદ કુંવરજી શાહના લઘુ બંધુ શ્રી વિનાયક કુંવરજી શાહના સુપુત્ર શ્રી નિરંજન, ૧૯૫૬ માં ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા ગયેલા અને "મીશીગન" યુનિવર્સીટીમાં અભ્યાસ શરૂ કરી માત્ર સવા વર્ષના ગાળામાં M. S.ની ડીગ્રી પ્રાપ્ત કરી. તેમની કાર્યશક્તિથી રંજિત થઇ પ્રીન્સીપાલે તેમને ખાસ ફેલોશીપ આપી હતી. જગવિખ્યાત પેઢી એલીસ ચામર્સના કારખાનામાં અનુભવ લઇ તેઓ લંડન ગયા અને ત્યાં જોન્સન અને ફીલીપ્સના કારખાનામાં વિશેષ અનુભવ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ બ્રીટીશ કલોકનર સ્વીચગીયર કું.માં અનુભવ લીધો અને તેજ બ્રીટીશ પેઢીની ભાગીદારીમાં મુંબઇખાતે શરૂ થયેલ હિંદુસ્તાન કલોકનર સ્વીચગીયર કું.માં ચીફ એન્જીનીયર તરીકે જોડાઇ ગયા છે.

તેમના પિતાશ્રી વિનાયક કુંવરજી શાહ પણ પુના ઇલેકટ્રીક સપ્લાઇ કું.ના મેનેજર છે. તેમણે પણ વિદેશ-યાત્રા કરી ડીગ્રી પ્રાપ્ત કરી હતી. તેમના જ પગલે ચાલી ભાઇ નિરંજને પણ સારી કીર્તિ ને સુવાસ પ્રાપ્ત કરી છે. તેઓ વિદેશ-યાત્રાથી પાછા ફરતાં પુના તથા મુંબઇખાતે મોટા મેળાવડાઓ યોજવામાં આવ્યા હતા.

મૂળ વતન ભાવનગર આવતાં તેઓના અભિનંદનાર્થે એક મેળાવડો શ્રી જૈનધર્મ પ્રસારક સભાના હોલમાં કાર્તિક શુદી ૯ ને રવિવારના રોજ બપોરના ચાર કલાકે શ્રી અમરચંદ કુંવરજી શાહ તરફથી યોજવામાં આવ્યો હતો, જે સમયે સભાસદો ઉપરાંત આમંત્રિત ગૃહસ્થોની વિપુલ પ્રમાણમાં હાજરી હતી.

શરૂઆતમાં શ્રી ભાઇચંદ અમરચંદ શાહે શ્રી નિરંજન શાહનો પરિચય આપતાં જણાવ્યું કે–જાણીતા વિચારક અને સંસ્કારી સેવામૂર્તિ સ્વ. શ્રી કુવરજી મૂળચંદ શાહના તેઓ પૌત્ર થાય છે. તેઓ કેળવણીપ્રેમી હોવા સાથે સામાજિક સુધારાઓના પ્રખર હિમાયતી હતા. તેઓએ ભાઇશ્રી વિનાયકને ઉચ્ચ કેળવણી માટે અમેરિકા મોકલ્યા. ભાઇશ્રી વિનાયક પણ ઉચ્ચ કેળવણી પામેલ યુવાન હોવા છતાં સ્વભાવના મિલનસાર અને માયાળુ વૃત્તિવાળા છે. તેમણે પોતાના ચિરંજીવીને પણ ઉચ્ચ કેળવણી માટે પરદેશ મોકલેલ. ભાઈ નિરંજન યશસ્વી કારકીર્દી પ્રાપ્ત કરી, આજે આપણા સૌના અભિનંદનના અધિકારી બન્યા છે. તેમણે પોતાના અભ્યાસકાળ દરમિયાન અહીંની કોલેજના પ્રિન્સીપાલની ચાહના તો મેળવી જ હતી, પરંતુ અમેરિકામાં જે કોલેજમાં તેઓ અભ્યાસાર્થે ગયા હતા ત્યાંના પ્રિન્સીપાલની સારી ચાહના પ્રાપ્ત કરવા ઉપરાંત વાર્ષિક ૧૫૦૦ ડોલરની ફેલોશીપ મેળવી હતી. આપબળે આગળ વધી કેળવણી પ્રાપ્ત કરનારા ભારતીય યુવાનોમાં ભાઇશ્રી નિરંજન મોખરાના સ્થાને છે. આપણે તેમને સાંભળવા એકત્ર થયા છીએ એટલે તેમને તેમની યશસ્વી કારકીર્દી બદલ અભિનંદન આપું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ ભાઈશ્રી નિરંજને પોતાના પરદેશ-ગમનનો ટૂંક પરિચય આપતા જણાવ્યું કે-ભાષણ કરવા કરતાં પ્રશ્નોત્તરીમાં તમને અને મને બંનેને સારો રસ પડશે, માટે જે જે વિષયમાં પ્રશ્ન કરવો હોય તેના સંબંધમાં હું મારી સમજ પ્રમાણે પ્રત્યુત્તરો જણાવીશ. બાદ અમેરિકાની કેળવણી. ત્યાંના લોકોનો આચાર-વિચાર, ધર્મ સંબંધી માન્યતા, કોલેજ જીવન, રાષ્ટ્રીયતા, અમેરિકાના વિવિધ પ્રાંતોનો ખ્યાલ, ભાષા, તહેવારોની ઉજવણી, બાળકો પ્રત્યેનો પ્રેમ, જીવનધોરણ, પ્રામાણિકતા, નિયમિતતા, રાજકીય પક્ષો વિગેરે વિગેરે અનેક પ્રકારની માહિતી આપી શ્રોતાજનોને મુગ્ધ કર્યા હતા.

બાદ શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાએ શ્રી કુંવરજી મૂળચંદના કુટુંબીજનોનો પરિચય આપી તેમના કુટુંબની કેળવણીપ્રિયતાને તથા સેવા-ભાવનાને પ્રશંસી હતી. બાદ પૂછાયેલા પ્રશ્નોના ભાઈ નિરંજને માહિતીપૂર્ણ અને છતાં શુદ્ધ ગુજરાતી ભાષામાં જે જવાબો આપ્યા હતા તે સંબંધી તેમની માતૃભાષાની કુશળતા વખાણી હતી. ભાવીમાં ભાઈ નિરંજનના વિશેષ અભ્યુદય ઈચ્છી ભારતની વર્તમાન સ્થિતિનું દિગ્દર્શન કરાવી લોકશાહી રાજતંત્રમાં ભારતે કરેલી અનેકવિધ પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો.

બાદ શ્રી દીપચંદ જીવણલાલ શાહે આમંત્રિત ગૃહસ્થોનો આભાર માની. ભાઈ નિરંજનને ફુલહાર પહેરાવ્યો હતો. પ્રાંતે શ્રી અમરચંદ કુંવરજી શાહ તરફથી યોજવામાં આવેલ ટી-પ્રીન તથા ચા-પાનને ઇન્સાફ આપી આનંદમય વાતાવરણમાં સૌ વિખરાયા હતા.

## पुस्तकोनी पहोंच

**૧. જ્ઞાનામૃત**—રચયિતા યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ આશરે ૧૪૦, મૂલ્ય રૂા. ૧.

યોગનિષ્ઠ આ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ તેઓશ્રીના ભજનો-કાવ્યો માટે સમાજમાં સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીએ રચેલા ભજન-પદ-કાવ્યમાંથી ચૂંટી-ચૂંટીને એકસો એક પદો-ભજનો આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. છેલ્લે પૂ. આચાર્યશ્રીનું સંક્ષિપ્તમાં જીવનચરિત્ર આપવામાં આવેલ છે, જે સૌકોઈને પ્રેરણા લાયક છે, પ્રયાસ આવકારદાયક છે.

**૨. સંવાદિકા**—લેખક પોપટલાલ પુંજાભાઈ શાહ-વાંકાનેર. ક્રાઉન સોળ પેજી સાઇઝના પૃષ્ઠ આશરે ૨૫૦ મૂલ્ય રૂા. ૧.

આ પુસ્તકમાં વિધવિધ ઉપદેશક સંવાદો રજૂ કરવામાં આવ્યા છે. ભાષા સરળ હોવાથી બાળકો પણ સહેલાઇથી ભજવી શકે તેમ છે. પ્રયાસ આવકારદાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખેદકારક સ્વર્ગવાસ

## ૧. શ્રી વીરચંદ પાનાચંદ શાહ

આપણે આગળ વધી નામના મેળવનાર વ્યક્તિઓમાં શ્રી વીરચંદભાઈનું નામ આગાંમી હરોળમાં મૂકી શકાય. તેઓ જામનગર રાજ્યના સમઢીયાળા ગામમાં જન્મ્યા હતા અને ક્રમે ક્રમે આગળ વધી વ્યાપારમાં વિકાસ સાધ્યો હતો. દેશ-પરદેશમાં તેઓશ્રીની પેઢી કાર્ય કરી રહી છે.

ગત વિજયાદશમીના રોજ બોંતેર વર્ષની વયે તેઓ મુંબઈ ખાતે સ્વર્ગસ્થ થયા છે. કેળવણીના તેઓશ્રી પ્રખર હિમાયતી હતા અને તે માટે તેઓએ પાંચેક લાખ રૂ.નું ટ્રસ્ટ કર્યું હતું. રાજકીય પ્રવૃત્તિઓમાં સારો ભાગ લેતા અને જનસેવા એ તેમનો મુદ્રાલેખ બની ગયો હોવાથી છેલ્લા ત્રીશ વર્ષથી નિવૃત્તિ લઈને લોકહિતની જ પ્રવૃત્તિ કરતા હતા. સૌરાષ્ટ્ર સરકારે તેમની જન-સેવાની કદર તરીકે સમઢીયાળા ગામને 'વીરનગર' એવું નામ આપ્યું છે.

તેઓશ્રી આપણી સભાના પેટ્રન હતા અને સભાની સાહિત્યિક પ્રવૃત્તિમાં અને જ્ઞાન-પ્રચારના કાર્યમાં સારો રસ લેતા હતા. અમો તેમના સ્વર્ગસ્થ આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ આપત્તિ માટે હમદર્દી વ્યક્ત કરીએ છીએ.

## ૨. શ્રી ફુલચંદ ખુશાલ

મહુવાનિવાસી શાહ ફુલચંદ ખુશાલભાઇ, ૮૬ વર્ષની વૃદ્ધ વયે તેમના માટુંગાના નિવાસસ્થાને વિજયાદશમીના રોજ સ્વર્ગસ્થ થયા છે. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. આપણી સભાના વર્ષોથી લાઇફમેમ્બર હતા અને સભાના ઉત્કર્ષમાં રસ લેતા હતા. તેમના આત્માની શાન્તિ ઇચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.


**પ્રભાવિક પુરુષો : : ભાગ ત્રીજો** — લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત્ ચોકસીની સર્વને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્‌ભૂત રસ મળે છે. શ્રદ્ધાના નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


આપની નકલ નોંધાવવાનું રખે ચૂકતા. મૂલ્ય રૂા. બાર
અગાઉથી ગ્રાહક થનાર માટે રૂા. સાડાઅગિયાર
ગ્રાહકો પૂરતી મર્યાદિત નકલો જ છપાશે

# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ-૭ મું ભાષાંતર ]

- વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.
- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.
- અગાઉથી ગ્રાહક થનાર વ્યક્તિએ રૂા. એક મોકલી આપી ગ્રાહકશ્રેણિમાં નામ નોંધાવી લેવું.
- વિશેષ નકલ મગાવનારે તેમ જ અમુક નકલોમાં સ્નેહી-સ્વજનનું જીવનચરિત્ર કે ફોટો મૂકવા ઇચ્છનાર વ્યક્તિએ પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવપદારાધન માટે અતિ ઉપયોગી

## સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણ, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત સુંદર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only